# લોકડાઉનના સમયગાળામાં '૧૮૧ અભયમ્' મહિલા હેલ્પ લાઈન દ્વારા સરાહનીય કામગીરી

## ગુજરાત રાજયની કામગીરીને સમગ્ર દેશના રાજયોમાં પ્રાપ્ત થયુ બીજા ક્રમનું સ્થાન

ગાંધીનગર, તા. ૧૪

રાજયના મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગૃહ વિભાગ અને GVK EMRI દ્વારા સંકલિત રીતે '૧૮૧ અભયમ્' મહિલા હેલ્પ લાઈન કાર્યરત છે. આ હેલ્પલાઈન દ્વારા પીડિત મહિલા કે યુવતીને ઘેર બેઠા ફોન કોલ દ્વારા કાઉન્સેલિંગ, માહિતી તેમજ ગંભીર સંજોગોમાં ઘરના સ્થળ ઉપર જ રેસ્ક્યુ વાન થકી ત્વરિત મદદ મળી રહે તે માટે ઈમરજન્સી કમાન્ડ સેન્ટર તથા જિલ્લાઓ ખાતેની ૪૭ રેસ્ક્યુ વાન સહિત ૨૪ ૮ ૭ સેવા સમગ્ર રાજયમાં ઉપલબ્ધ કરાઈ છે.




લોકડાઉનના સમયગાળામાં માર્ચથી તા.૧૧ જૂન-૨૦૨૦ દરમિયાન કુલ ૨૪૪૪૧ સર્વિસ કોલ મળ્યા હતા. જે પૈકી ૧૦૮૭૫ જેટલાં ઘરેલું હિંસાને લગતા મદદ માટેના કોલને સફળતાપૂર્વક પ્રતિસાદ આપેલ છે . જાન્યુઆરી-૨૦ થી મે-૨૦ સુધી પાંચ માસના સમયગાળામાં ૫૧,૩૭૨ મહિલાઓએ વિકટ પરિસ્થિતિમાં સલાહ ,બચાવ અને માર્ગદર્શન માટે ૧૮૧ હેલ્પલાઈનની મદદ લીધી છે. જે પૈકી ૧૯,૦૪૪ સર્વિસ કોલ ઘરેલુ હિંસાને લગતા મદદ માટેના કોલને સફળતાપૂર્વક પ્રતિસાદ આપવામાં આવેલ છે. આવી તાકીદની પરિસ્થિતિમાં ઘટના સ્થળ ઉપર અભયમ રેસ્ક્યુ વાન સાથે કાઉન્સિલર જઈને મહિલાઓને મદદ પૂરી પાડેલ છે,

ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા પસંદગીના રાજયની ૧૮૧ મહિલા હેલ્પ લાઈનનો રેપીડ એસેસમેન્ટ વર્ષ ૨૦૧૯ માં હાથ ધરવામાં આવ્યો હતો . જેમાં ગુજરાત રાજયની ૧૮૧ મહિલા હેલ્પ લાઈનની કામગીરીને સમગ્ર દેશના રાજયોમાં બીજા ક્રમે સ્થાન મળેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે ૭ વર્ષના સમયગાળામાં તાકિદની પરિસ્થિતિમાં ઘટના સ્થળ ઉપર અભયમ્ ટીમ દ્વારા ૧,૪૨,૨૪૯ મહિલાઓને મદદ પૂરી પાડવામાં આવી છે. ૮૭,૧૫૧ જેટલાં કિસ્સાઓમાં સ્થળ ઉપર જ સમાધાન કરી કેસોનો નિકાલ કરવામાં આવેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે,રાજયની મહિલાઓને વિકટ પરિસ્થિતિમાં સલાહ,બચાવ, મદદ અને માર્ગદર્શન માટે રાજય સરકાર દ્વારા કરવામાં આવેલી પહેલ '૧૮૧ અભયમ્ મહિલા હેલ્પ લાઈન' એ અભય વરદાન સાબિત થઈ છે. રાજયની મહિલાઓને કપરી પરિસ્થિતિમાં ત્વરિત મદદ મળી રહે તે માટે અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરીને ઈન્ટીગ્રેટેડ ૧૮૧ અભયમ્ મોબાઈલ એપ્લીકેશન પણ કાર્યરત છે તેમ રાજયના મહિલા અને બાળ વિકાસ વિભાગની યાદીમાં જણાવાયું છે.

# સામાન્ય માનવી માટે અદ્યતન સુવિધાસભર ભવનો રાજ્ય સરકારે નિર્માણ કર્યા : મુખ્યમંત્રી

## રૂ. ૨૬.૧૭ કરોડના ખર્ચ નવનિર્મિત એક જિલ્લા પંચાયત-ત્રણ તાલુકા પંચાયતોના ગાંધીનગરથી ઇ-લોકાર્પણ સંપન્ન

ગાંધીનગર, તા. ૧૪

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે, રાજ્યના ગ્રામીણ નાગરિકો સહિત સામાન્ય માનવીની આશા અપેક્ષાઓ સંતોષાય અને સરકારનું તંત્ર લોકોની સારી સેવા કરી શકે તેવું વાતાવરણ અદ્યતન સુવિધાસભર ભવનોના નિર્માણથી રાજ્ય સરકારે કર્યુ છે.

આ સંદર્ભમાં તેમણે ઉમેર્યુ કે, આવા ભવનો-સેવાસદનોમાં પોતાના કામકાજ માટે આવનારો અરજદાર, રજૂઆત કર્તા વ્યકિત પોતાનું કામ થવાના વિશ્વાસ અને શાતા સાથે પરત જાય તેવી કાર્યસંસ્કૃતિ ગુજરાતમાં વિકસી છે.

મુખ્યમંત્રી રાજયના પંચાયત-ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઉપક્રમે અમરેલી જિલ્લા પંચાયત, ડોલવણ-થરાદ અને ભિલોડા તાલુકા પંચાયતોના કુલ ૨૬ કરોડ ૧૭ લાખના ખર્ચે નિર્માણ પામેલા નવા ભવનોના ગાંધીનગરથી ઈ-લોકાર્પણ અવસરે સંબોધન કરી રહ્યા હતા.



મુખ્યમંત્રીએ કહ્યું કે, ગાંધીજીના ગ્રામ સ્વરાજ્ય અને પૂર્વ મુખ્યમંત્રી બળવંતરાય મહેતાના પંચાયતી રાજ્ય વ્યવસ્થાના ખ્યાલને ગુજરાતે ત્રિસ્તરીય પંચાયત વ્યવસ્થાના અસરકારક અમલથી સાકાર કર્યો છે.

તેમણે પંચાયતી રાજય વ્યવસ્થાને કારણે જ ગ્રામ પંચાયતોથી માંડીને તાલુકા જિલ્લા પંચાયતોનો સર્વાંગી વિકાસ કરીને ગામડાંઓને પણ પોતીકી સરકારનો અનુભવ થાય તેવી સ્થિતી ઊભી થઈ છે તેની ભૂમિકા આપી હતી. મુખ્યમંત્રીએ રાજ્યના ગામોને આત્મા ગામનો સુવિધા શહેરોની એવી વ્યવસ્થા-સુવિધા આપીને વિકાસ છેવાડાના માનવી સુધી પહોચાડયો છે તેમણે રોડ-રસ્તા, પાણી, વીજળી, શિક્ષણ, આરોગ્ય જેવી બધી જ પાયારૂપ સુવિધાઓ ગામડાઓને આપીને સર્વાંગી વિકાસની નેમ પાર પડી છે તેમ ઉમેર્યુ હતું.

વિજયભાઈ રૂપાણીએ રાજ્યના પ્રથમ મુખ્યમંત્રી સ્વ. ડૉ. જીવરાજ મહેતા અને પૂર્વ મુખ્યમંત્રી સ્વ. અમરસિંહ ચૌધરીના વતન ગામો અમરેલીમાં જિલ્લા પંચાયત અને ડોલવણમાં તાલુકા પંચાયતના નવા ભવનોના લોકાર્પણની મળેલી તકને પોતાના જીવનની ધન્ય ક્ષણો ગણાવી હતી. મુખ્યમંત્રીએ કહ્યું કે, કોરોના સંક્રમણના આ કપરાકાળમાં પણ વિકાસ કામો અટકે નહિં અને રોજીંદી પ્રવૃત્તિઓ પણ સાથોસાથ ચાલુ રહે તેવો વ્યૂહ વ્યથા નહિ વ્યવસ્થાના મંત્ર સાથે આપણે અપનાવ્યો છે. તેમણે કોરોનાના વિશ્વભરમાં અને દેશમાં સંક્રમણની સ્થિતીમાં સમયસરના પગલાં, સઘન આરોગ્ય વ્યવસ્થાઓને કારણે ગુજરાતમાં પોઝિટીવ કેસો પર નિયંત્રણ રાખી શકયા છીયે. મૃત્યદર પણ ઘટી રહ્યો છે તેવો મત વ્યકત કર્યો હતો.



## જન્મદિને વધામણી


અલ્પેશ એમ પ્રજાપતિ


માનુષ જિતેન્દ્ર ચુડાસમા
મો. ૯૯૭૯૭ ૬૯૯૫૦


જીયાન સજ્જાદહુસેન શેખ


મધુબેન દિનેશભાઈ પરમાર
મો. ૮૧૪૦૪ ૬૫૨૬૬


સ્નેહાબેન મહેતા
લાયોનેસ કલબ


દેવ પ્રજાપતિ


આશિષ બ્રહ્મભટ્ટ
મો. ૬૩૫૨૧ ૬૧૯૪૯


ક્રિષા ઉમેશ પચોડે
મો. ૯૯૭૯૭ ૭૧૨૯૭


શ્વેતા યોગેશભાઈ પટેલ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક


### નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા


# 'વૈજ્ઞાનિક અભિગમ,સફળતાની સીડી' વિષય પર વેબિનાર

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત કાઉન્સિલ ઓન સાયંસ એન્ડ ટેકનોલોજી પ્રેરિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓ વિજ્ઞાનમાં રસ લેતા થાય તથા તેમની જીજ્ઞાશાવૃતિ કેળવાય તેવા પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

છેલ્લા ૨૦ વર્ષથી આ વિજ્ઞાન કેન્દ્રનો અનેક વિદ્યાર્થીઓ એ લાભ લીધો છે.જેમના ઘણા વિદ્યાર્થીઓએ ડોકટર, એન્જીનીયર, વૈજ્ઞાનિક, ટેકનોક્રેટ, જેવા ક્ષેત્રોમાં જળહળતી સિદ્ધિઓ મેળવી છે. આ વિજ્ઞાન કેન્દ્રના માર્ગદર્શન નીચે અત્યાર સુધીમાં ૩૫ જેટલા વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય લેવલે બાલ વૈજ્ઞાનિક પુરસ્કાર મેળવવામાં સફળ થયા છે. વધુમાં વધુ વિદ્યાર્થીઓ વિજ્ઞાન કેન્દ્રની પ્રવૃત્તિઓમાં જોડાઈને વિશિષ્ટ સિદ્ધિઓ હાસલ કરી શકે તેવા પ્રયત્નો કરવામાં આવે છે.

હાલની કોરોના મહામારીની પરિસ્થિતિને અનુલક્ષીને વિજ્ઞાન કેન્દ્ર દ્વારા વૈજ્ઞાનિક અભિગમ,સફળતાની સીડી... વિષય પર અનોખો વેબિનાર યોજાયો હતો. આ વેબીનારમાં વિષય તજજ્ઞ તરીકે બાળપણથીજ વિજ્ઞાનમાં રસ ધરાવતા બાળ વૈજ્ઞાનિકોમાંથી શ્રેષ્ટતાના શિખરે પહોચેલા ત્રોણ યુવાનો જોડાયા હતા. પ્રથમ વિષય નિષ્ણાત તરીકે ડો.કૌશલ જાની,પ્રોફેશર અને



રિસર્ચર, સોમાની ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી એન્ડ રીસર્ચ,કડી એ પોતાના વકતવ્યમાં વિદ્યાર્થીઓને સંસોધન વૃતિ માટે પ્રેરણા મળે તેવા પ્રયોગો કરવા માટે જણાવ્યું હતું.તેમજ તેઓએ બનાવેલ ડ્રાયવરલેશ કાર,તથા ઓટોનોમસ ડીફેન્સ વિહ્કલ, વિષે રસપ્રદ સમજ આપી હતી.બાળપણમાં તેમને વિજ્ઞાન કેન્દ્રમાં તેઓએ કરેલ પ્રવૃત્તિઓ વિષે પણ બાળકોને જણાવ્યું હતું. બીજા વિષય નિષ્ણાત તરીકે રુચિત પટેલ,કો-ફાઉન્ડર, સીટીઓ, ઓલઈવેન્ટ્સડોટઈન કંપની. એ વકતવ્યમાં વિદ્યાર્થીઓને અભ્યાસ દરમિયાન વધુમાં વધુ વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓમાં જોડાઈને પોતાની જીજ્ઞાશા વૃતિ સંતોષાય તેવા સત્તત પ્રયત્નો કરતા રહેવાનું જણાવ્યું હતું.તેમજ આજ કાલ ના વિદ્યાર્થીઓ મોબાઈલ માં તેમજ કોમ્પ્યુટરમાં ગેમ રમીને પોતાનો કીમતી સમય બગાડે છે. જેમાં તેમને કઈ શીખવાનું મળતું નથી. રુચીતે વિદ્યાર્થીઓને પોતાના મગજ નો વિકાસ થાય અને નવું શીખવાનું મળે એવી ગેમો રમવાની સલાહ આપી હતી.

ત્રીજા વિષય નિષ્ણાત તરીકે ડો. અસ્તિત્વ આનંદ,સીનીયર રીસર્ચ ફેલો,ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સીટી. એ તેમના વકતવ્યમાં વિદ્યાર્થીઓને આપની ધાર્મિક સંસ્કૃતિમાં પણ વિજ્ઞાન કઈ રીતે જોડાયેલું છે તેનું ઉદારણ દ્વારા સમજુતી આપી હતી. બાળપણ માં પોતે બનાવેલ રોકેટ વિષે બાળકો સાથે ચર્ચા કરી હતી.

નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી,ડો.અનીલ પટેલ એ વિદ્યાર્થીને વિજ્ઞાન કેન્દ્રની વિવિધ પ્રવૃત્તિઓ વિષે માહિતી આપી હતી. તેમજ પીપીટી દ્વારા ત્રણે વિષય નિષ્ણાતો દ્વારા મેળવેલ સિદ્ધિઓ દર્શાવી હતી. આ વેબીનારમાં ૨૩૦ જેટલા વિદ્યાર્થીઓ , શિક્ષકો,તથા વાલીઓ જોડાયા હતા .વેબીનારને સફળ બનાવવા માટે હાર્દિક મકવાણા, મિત પટેલ, શિવાંગ પટેલ જહેમત ઉઠાવી હતી.

# ઓનલાઈન કાવ્ય મહેફિલમાં સર્જકોને સાંભળીને સૌ એકસાથે બોલી ઊઠ્યા કે, લાયા બાકી લાયા!

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા છેલ્લા ૨૩ વર્ષથી એમની બેઠક દર મહિનાના બીજા રવિવારે અચુક મળે છે. કોરોના વૈશ્વિક મહામારીને કારણે અત્યારે સાહિત્યસભા સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો ઉપયોગ કરીને પણ એમની મહેફિલ સજાવી શકી હતી.




સાહિત્યસભાની જુલાઈ મહિનાની બેઠક અધ્યક્ષ સંજય થોરાતના અધ્યક્ષ સ્થાને આયોજિત કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત નેહલ ગઢવીએ પ્રાર્થના કરી હતી. સાહિત્યસભાના મહામંત્રી રમેશ ઠક્કરે આમંત્રિત મહેમાનોનું સ્વાગત કર્યું હતું.


મહેફિલના સંચાલક કલ્પેશ પટેલ દ્વારા ગુજરાતની જાણીતી અભિનેત્રી ફિલ્મ અને ટીવી પર પ્રસિદ્ધ પામેલાં મોરલી પટેલને આમંત્રિત કરવામાં આવ્યાં હતાં. ગાંધીનગરના વતની એવાં મોરલી પટેલ દ્વારા સંજય થોરાત લિખિત 'મધ્યમવર્ગની સાડી' લઘુકથાનું અત્યંત રસાળ શૈલીમાં વાચિકમ કરવામાં આવ્યું હતું અને સૌ દર્શકોને પસંદ આવ્યું હતું. વાચિકમ સાથે મોરલી પટેલ સાથે વાર્તાલાપ કરવામાં આવ્યો હતો એમાં એમણે ગાંધીનગર પ્રત્યે પ્રેમ જતાવ્યો હતો.

આ બેઠકમાં જાણીતા કવિ બેશુમાર એમની રચનાઓ પ્રસ્તુત કરી છવાઈ ગયા હતા. એમની લાયા બાકી લાયા, હરામખોર કામચોર, આખું નાટક ત્યારે જ શરૂ થાય છે જ્યારે તું મારી રૂબરૂ થાય છે, પીવું પીવું ને એમ પછી બીતા રહેવું અને શિવ તાંડવ ધૂન પર ઉર્દૂ રચના સૌ સાહિત્ય પ્રેમીઓ આફ્રિન પોકારી ગયા હતા. ઝૂમ એપ્લિકેશન પર આયોજિત આ મહેફિલનું સંચાલન જાણીતા વાર્તાકાર અને સાહિત્યસભાના ઉપાધ્યક્ષ કલ્પેશ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં ગાંધીનગર સાહિત્યસભાના પૂર્વ પ્રમુખ નટવર હેડાઉ સહિત અન્ય વિવિધ સાહિત્ય પ્રેમીઓ ડો. પ્રવિણ વાટલિયા, કિરિટ ત્રિવેદી, જે. એમ. ચાવડા, જયશ્રી ભટ્ટ, અજીતસિંહ ભટ્ટી, મહેન્દ્રભાઈ રાઠોડ, પારૂલ મહેતા, સુમંત શાહ, પ્રીતિ શર્મા, રમણભાઈ વાઘેલા, પ્રતાપસિંહ ડાભી, યુવરાજસિંહ વાઘેલા, ઉષા તટ્ટુ, ડૉ. દર્શન શાહ સહિત ૭૦થી વધુ સભ્યો જોડાયા હતા. આ કાર્યક્મની આભાર વિધિ ડો. દિશા પોપટ દ્વારા કરવામાં આવી. આ મહેફિલ માણતાં સૌ બોલી ઊઠ્યા કે, લાયા બાકી લાયા..!

# ગણપત યુનિવર્સિટીની સાયન્સ ફેકલ્ટી દ્વારા 'કોવિડ અને પોસ્ટ કોવિડ યુગમાં ઓનલાઈન શિક્ષણનું કૌશલ્ય' - વિષયે વેબિનાર

વલ્લભ વિદ્યાનગર, તા. ૧૪

કોવિડ-૧૯ નામની મહામારીથી આજકાલ આખુયે વિશ્વ ઘેરાયેલું છે. માનવીય જીવનનું એવું કોઈ પાસુ નથી જે કોવિડ-૧૯ દ્વારા પ્રભાવિત ના થયું હોય. શિક્ષણ પણ ખૂબ માઠી રીતે કોવિડ-૧૯ દ્વારા અસર પામ્યું છે.



આ કપરી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ગણપત યુનિવર્સિટીની યાસન્સ ફેકલ્ટીની મહેસાણા અર્બન ઈન્સ્ટિટયુટ ઓફ સાયન્સ (કોલેજ) દ્વારા એક ખાસ વેબીનાર યોજનામાં આવ્યો હતો. 'કોવિડ અને પોસ્ટ કોવિડ યુગમાં ઓનલાઈન શિક્ષણનું કૌશલ્ય' - વિષય ઉપરના આ વેબીનારનું બેંગ્લોરના ટીચીંગ-લર્નિંગ સેન્ટર, ગ્લોબલ અકાડેમી ઓફ ટેકનોલોજીના વડા પ્રા. ડો. પ્રતિમા ખંડેલવાલે ખાસ (ઓનલાઈન) ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને અને પ્રાધ્યાપકોને પોતાનું નિષ્ણાંત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.


આ વિશેષ અવસરે ગણપત યુનિવર્સિટીના પ્રો. વાઈસ ચાન્સેલર પ્રો. ડો. આર કે પટેલ, સાયન્સ ફેકલ્ટીના ડીન પ્રો. ડો. અમિત પરીખે વિશેષ ઉપસ્થિત રહી ચર્ચાને વધુ જ્ઞાન સમૃદ્ધ બનાવી હતી. પ્રો. ડો. કવિતા મહેતા, ડૉ. કેયુર ભટ્ટ તથા પ્રો. હાર્દિક શાહે પણ ઓનલાઈન હાજરી આપી હતી.




લાયન્સ કલબ ઓફ પંચવટી કલોલ અને દૂધસાગર ડેરી નારદીપુર દ્વારા નારદીપુર ખાતે જેડી ડેરી ફાર્મામાં ૧૦૮થી વધારે વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું હતું. જેમાં હાઈટવાળો (મોટા)માં જેમાં ગુલમહોર, જાંબુ, લીમડો, જામફળ વગેરે રોપાઓનું વાવેતરણ કરાયું હતું. આ કાર્યક્રમમાં લાયન્સ કલબ પંચવટી કલોલના પ્રોજેક્ટ ચેરમેન લા. દશરથસિંહ વાઘેલા, પ્રમુખ રાજેશ પટેલ, પ્રા. પ્રમુખ જયપ્રકાશ શર્મા, લા. લલિતકુમાર પટેલ, લા. નિલેષ શર્મા અને દૂધસાગર ડેરી નારદીપુર તરફથી પ્રમુખ વાઘેલા તથા કલોલ કરની સેના પ્રમુખ હસમુખસિંહ વાઘેલા હાજર રહી વૃક્ષોના રોપાનું વાવેતરણ કર્યુ હતું.

# વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસ દ્વારા ઓનલાઈન અસેસમેન્ટ માટેની તાલીમ યોજાઈ

ગાંધીનગર, તા. ૧૪ એપ્રિલ મહિનાથી બાળકો માટે ઓનલાઈન કલાસ ચાલી રહ્યા છે જેમાં બાળકોની ટેસ્ટ લઈ અને તેમનુ મૂલ્યાંકન પણ કરવામાં આવે છે. આ જ રીતે શાળાના ફેકલ્ટી દ્વારા બાળકોનું ઓનલાઈન અસેસમેન્ટ કરવા માટે વેદ ઈન્ટિગ્રેટેડ શાળાના તમામ શિક્ષકો માટે ઓનલાઈન તાલીમ યોજવામાં આવી હતી.



જેમાં સાપ્તાહિક તથા માસિક મૂલ્યાંકનના બ્લુ પ્રિન્ટ વિશે પણ સમજાવવામાં આવ્યું હતું. આ તાલીમમાં તમામ શિક્ષકોને પદ્ધતિસરની તાલીમ આપવામાં આવેલ હતી અને શાળા દ્વારા આ જ રીતે અસેસમેન્ટ કરી મૂલ્યાંકન પદ્ધતિ પણ અનુસરવામાં આવે છે.



ગૂજરાત વિદ્યાપીઠ સાદરાના સેવકોએ સ્વેચ્છાએ સફાઈ અને વૃક્ષારોપણ કર્યું હતું. આ સ્વચ્છતા, અને વૃક્ષારોપણ કાર્યક્રમમાં ગૃહમાતા વાસંતીબેન, સ્મિતાબેન, ગૃહપતિ મોહનભાઈ, જયેશભાઈ, ગ્રંથપાલ જગદીશભાઈ, મથુરભાઈ, દિશાબેન, સુરેશબાઈ તેમજ સિક્યુરિટી સેવક ગોરધનભાઈ, ભરતભાઈ, મહેન્દ્રભાઈ, જતીનભાઈ, મેહુલભાઈ, બાબુભાઈનો સાથસહકાર મળ્યો હતો. રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિશર પ્રાધ્યાપક ડૉ. મોતીભાઈ દેવુનો સાથસહકાર રહ્યો હતો.

# આઈ.ટી.આઈ.માં પ્રવેશ જોગ

ગાંધીનગર, તા. ૧૪

ઔદ્યોગિક તાલીમ સંસ્થા, ગાંધીનગર/ ગાંધીનગર(મહિલા)/ દહેગામ/માણસા/કલોલ/ ચાંદખેડા ખાતે પ્રવેશસત્ર ૨૦૨૦ માટે પ્રવેશ પ્રક્રિયા ચાલુ છે. પ્રવેશ મેળવવા ઉત્સુક ઉમેદવારોએ નજીકની ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે તા.૦૧/૦૭/૨૦૨૦ થી તા.૨૭/૦૭/૨૦૨૦ સુધીમાં




૨૦/- ઓનલાઈન ફોર્મ ફી, ૫૦-/રૂ રજીસ્ટ્રેશન ફી તથા જરૂરી પ્રમાણપત્રો સહિત ઓનલાઈન ફોર્મ ભરવાનું રહેશે. પ્રવેશ ઈચ્છુક ઉમેદવારોને તેનો લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે.

વધુ વિગતો માટે નજીકની ઔદ્યોગિક તાલીમ સંસ્થાનો સંપર્ક કરવાથી માહિતી ઉપલ્બ્ધ થશે.